ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૯/૨૦-૨૧/ 4191 તારીખ:- 7 DEC 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા,**
મું. કુડલા,
તા.ચુડા,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં.**

કેસ નં.૦૯/૨૦-૨૧

**વિષય : ખેતીવાડી વિજ કનેકશનમાં પાવર ન આવવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૦/૧૦/૨૦૧૯ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૨/૦૬/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૦-૨૧/૨૦૫૩ તા.૧૮/૦૬/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૦-૨૧/૩૩૫૨ તા.૨૫/૦૯/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૦-૨૧/૩૬૯૧ તા.૨૨/૧૦/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૦-૨૧/૩૯૩૦ તા.૧૧/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ચુડા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૦૯/૨૦–૨૧**

વાદી :– **શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૨૪/૧૧/૨૦૨૦**

હાજર રહયા :– **શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા, મું. કુડલા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની ખેતીવાડી વિજ કનેકશનમાં પાવર ન આવવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૯/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૦–૨૧/૨૦૫૩ તા.૧૮/૬/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૦૭/૧૦/૨૦૨૦, તા.૦૩/૧૧/૨૦૨૦, તા.૨૪/૧૧/૨૦૨૦</u> નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, <u>તા.૦૩/૧૧/૨૦૨૦</u> ના રોજ વાદી શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે કોઈ જ ઉપસ્થિત રહેલ નહી. તેમજ <u>તા.૨૪/૧૧/૨૦૨૦</u> નાં રોજ વાદી શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

**<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ સવિનય ઉપરોકત વિષય પરત્વે આપ સાહેબશ્રી ને અમો અરજદાર ની માનસર નમ્ર અરજ છે કે, સને ૧૯૯૪ થી ૧૦ હો.પા.કનેકશન ધરાવીએ છીએ.

૧.૨ અમોએ લો પાવર માટેની અરજી તા.૩૦/૧૦/૨૦૧૪, પોલ નમી ગયેલ માટેની અરજી તા.૨૯/૫/૨૦૧૮ અને ૪ થી ૫ ફુટ જેટલા તાર નીચા આવી ગયેલ, માટે અરજી તા.૨૩/૮/૨૦૧૮ કરેલ. ઉપરોકત તમામ અરજીઓ સંબંધે કોઈ કામગીરી થવા પામેલ નહી. જેથી, તા.૨૮/૮/૨૦૧૮ ના રોજ ચુડા પેટા વિભાગીય કચેરી અરજી આપેલ છે.

Bhavnagar Forum

૧.૩ વધુમાં, અમોએ તા. તા.૨૦/૧૦/૨૦૧૯ ના રોજ ૧૦ મહિનાથી પાવર ન આવવા બાબતે અરજી કરેલ છે.

૧.૪ ઉપરોક્ત વિષય પરત્વે આપ સાહેબશ્રી પાસેથી આશા સેવીએ કે, ગત વર્ષ–૨૦૧૮ ના ચોમાસામાં વાવાઝોડા ના કારણે સર્વે નં–૧૧૩ માં બે પોલ પડી ગયેલા અને ત્યારબાદ વર્ષ–૨૦૧૯ ના ચોમાસામાં લાઈનમેન આવીને તાર કાપી ગયેલા જેથી આ બાબતે યોગ્ય પગલા લેશો તેવી આશા રાખીએ છીએ.

☛ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ચુડા ના જણાવ્યા મુજબ સદર વાદી ચુડા તાલુકાના કુડલા ગામના શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા ગ્રાહક નં–૭૪૦૬૩/૦૦૫૪૯/૬ થી ખેતીવાડી નું સીમ જમીનમાં ૧૧ કે.વી.મઢુલી એજી ફીડરમાંથી ખારા ગ્રુપ માંથી હળવા દબાણની વિજ લાઈન વડે વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ ગ્રાહક દ્વારા તા.૨૫/૬/૨૦૧૮ ના રોજ ગાળા ઢીલા હોવાની અરજી કરેલ હતી. જે અનુસંધાને, તા.૨૨/૯/૨૦૨૦ ના રોજ ચુડા પેટા વિભાગીય કચેરી દ્વારા કોન્ટ્રાકટરની ગેંગ પણ મોકલવામાં આવેલ હતી. જે અંગેની જાણ સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા ને ચુડા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–સીએસડી/ટિક/ ૧૪૧૫૦ તા.૪/૧૦/૨૦૧૮ થી કરેલ છે.

૨.૩ ગ્રાહક દ્વારા તા.૨૦/૧૦/૨૦૧૯ ના રોજ ૧૦ મહિના થી પાવર ન આવવા બાબતે અરજી કરેલ હતી. જે અનુસંધાને જણાવવાનું કે, સદર ૧૧ કે.વી મઢુલી એજી ફીડર ને DDUGJY સ્કીમ હેઠળ ગ્રુપ ટ્રાન્સફોર્મર માંથી વિજ જોડાણ ધરાવતા દરેક ખેડૂત ને આગવું ટ્રાન્સફોર્મર આપવા માટે ૧૧ કે.વી મઢુલી એજી ફીડર નું DDUGJY સ્કીમ હેઠળ HVDS કરવાની પ્રોજેક્ટ નં–૨૧૬૨૦૪ દ્વારા મંજૂરી લઈને ખેતીવાડી ના ગ્રુપ ટી.સી નું દરેક ખેડૂત ને તેમનું આગવું ટી.સી.આપવાની કામગીરી શ્રી દિનેશ એમ.વાલેરા ને PO No.૧૪૮૯૭૨ ની રીલીઝ નં–૧ દ્વારા HVDS ની કામગીરી સોંપવામાં આવેલ છે.

૨.૪ ગ્રાહક શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા ને ખેતીવાડી ના વિજજોડાણ માં પાવર ન આપવા બાબતે ચુડા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–સીએસડી/ટિક/૫૩૧૪ તા.૨૩/૭/૨૦૨૦ થી ખુલાસો પૂછવામાં આવેલ હતો. જેના પ્રત્યુતર રૂપે શ્રી દિનેશ એમ.વાલેરા એ જણાવેલ કે, કુડલા ગામના ખેડૂત શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા ને ત્યાં તેમના માણસો દ્વારા આશરે ૧ વર્ષ પહેલા જ ડી.પી.સ્ટ્રકચર ઉભું કરી દેવામાં આવેલ હતું અને ભારે દબાણ ની વિજ લાઈન નો એક ગાળો પણ ખેંચી આપવામાં આવેલ હતો. પરંતુ, એલ.ટી.લાઈન દૂર કરવામાં આવેલ ન હતી. ત્યારબાદ, ટ્રાન્સફોર્મર ચડાવવાના આગલા દિવસે એટલે કે, મે–૨૦૨૦ મહિના ના

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

પહેલા અઠવાડિયા માં એલ.ટી.લાઈન દૂર કરવામાં આવેલ હતી અને જયારે,તેમના માણસો સદર ગ્રાહકને ત્યાં ટ્રાન્સફોર્મર ચડાવવા ગયેલ ત્યારે સદર ગ્રાહકના ખેતરમાં ઉભું કરવામાં આવેલ ડી.પી.સ્ટ્રકચર ગ્રાહક દ્વારા ભાંગી નાંખવામાં આવેલ હતું. ભાંગેલા થાંભલા ને ગ્રાહક દ્વારા સ્થળ પર થી અન્ય જગ્યાએ ખસેડવામાં આવેલ હતા. પરંતુ, ભાંગેલા થાંભલાના નિશાન તથા સિમેન્ટ ના નાના ટુકડા સ્થળ પર જોવા મળેલ હતા અને લોખંડની એન્ગલ પણ સ્થળ પર વીખરાયેલ હતી. જેના કારણે મે–૨૦૨૦ ના પહેલા વીકમાં ગ્રાહક દ્વારા તેમને ત્યાં ઉભું કરેલ ડી.પી.સ્ટ્રકચર ભાંગી નાંખવાના કારણે, ટ્રાન્સફોર્મર ચડાવી શકાયેલ ન હતું.

૨.૫ વધુમાં, ચુડા પેટા વિભાગીય કચેરી એ ફરજ બજાવતા જુનીયર ઈજનેર શ્રી જે.પી.ચાવડા દ્વારા સદર વિજ જોડાણની સ્થળ તપાસ લેતાં, સદર વાડી ફરતે કાંટા વાળા તારની ફેંસીંગ કરવામાં આવેલ છે અને દરવાજા પર તાળું મારેલ હતું. સદર વાડી ની ફરતે ફરીને તપાસ કરતા, સદર વાડીમાં હાલમાં કોઈપણ પ્રકારનું ડી.પી.સ્ટ્રકચર ઉભું હોય તે દેખાતુ નથી. આથી, હાજરમાં રહેલા અન્ય ખેડૂત શ્રી વિઠ્ઠલભાઈ ગોપાલભાઈ પટેલ રહે. ચાચકા વાળાને સદર ગ્રાહકને ત્યાં ટ્રાન્સફોર્મર આપવામાં ડી.પી. ઉભું કરવામાં આવેલ હતુ કે નહી તે અંગે પૂછતાં, તેઓ જણાવે છે કે, જયારે બીજા ખેડૂતોને અલગ ટ્રાન્સફોર્મર ઉભું કરાવવામાં આવેલ હતું ત્યારે સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયાની આ વાડીમાં પણ દરવાજામાં દાખલ થતા જમણા હાથ પર ડી.પી. ઉભું કરવામાં આવેલ હતું. પરંતુ, હાલમાં ત્યાં કોઈપણ પ્રકારના પોલ ઉભા નથી. વધુમાં, સદર ગ્રાહક ની વાડીની બાજુમાં આવેલ ગ્રાહકશ્રી દલવાડી ઈશ્વરભાઈ પરમાભાઈ ગ્રાહક નં–૭૪૦૬૩/૦૦૬૬૦/૩ વડે જે વિજજોડાણ ધરાવે છે તેનો લોકેશન નં–CHAC/MAD/AG/063/DT079 પરથી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા હાલમાં પિયત કરે છે.

૨.૬ સદર ગ્રાહકશ્રી દ્વારા હળવા દબાણની વિજ લાઈનના ખુલ્લા તારને ચુડા પેટા વિભાગીય કચેરી ને કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વિજ પોલ પરથી વિજ લાઈન ના તાર ઉતારીને તેની વાડીની ફેન્સીંગ બનાવવામાં આવેલ છે.

૨.૭ આમ,સદર ગ્રાહક દ્વારા ખેતીવાડી વિજ જોડાણ માં પાવર ન આવવાની ફરીયાદ તદન પાયા વિહોણી છે. તથા ગ્રાહક દ્વારા તેમના વ્યકિતગત સ્વાર્થ ને સંતોષવા માટે પીજીવીસીએલ કંપનીને નુકશાન પહોંચાડીને પણ તેમની મરજી મુજબ ટ્રાન્સફોર્મર સ્ટ્રકચર ભાંગવામાં આવેલ અને PGVCL ની માલીકી ના તારનો બિન અધિકૃત રીતે પોતાના અન્ય કામમાં વાપરવા માટે ઉપયોગ કરેલ છે. જે અનુસંધાને ચુડા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં– સીએસડી/ટેક/૫૯૧૦ તા.૧૯/૮/૨૦૨૦ થી પોલીસ સ્ટેશન ચુડા ખાતે ફરીયાદ જાણવાજોગ આપેલ છે. તેમજ તા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજ નાયબ ઈજનેર, ચુડા દ્વારા સ્થળ પર રૂબરૂ મુલાકાત લેતા, જે હકીકત જોવા મળેલ તેનું સ્થળ રોજકામ કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે. આમ, સદર ગ્રાહકને વિજ પાવર ન મળવા માટે પીજીવીસીએલ કંપનીની કોઈપણ પ્રકારની બેદરકારી નથી. જે આપ સાહેબની જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી સુરેશભાઈ મોહનભાઈ જાંબુકીયા ગામ–કુડલા, તા.ચુડા, માં ૧૦ HP નું ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં– ૭૪૦૬૩/૦૦૫૪૯/૬ થી ધરાવે છે.

૩.૨ વાદી ના વિજ જોડાણને મળતાં, ૧૧ કેવી મહુલી AG ફીડરનું HVDS ના કામ દરમ્યાન, પ્રતિવાદી એ વાદીના વિજ જોડાણ ના સ્થળ પર ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરી અને વાયર ખેંચેલ. ત્યારબાદ, મે–૨૦૨૦ માસમાં LT લાઈન દૂર કરી અને ટ્રાન્સફોર્મર ચડાવવા ગયેલ ત્યારે, જોવા મળેલ કે, વાદીએ ઉભું કરેલ ડી.પી.સ્ટ્રકચર ભાંગી નાંખેલ. તેથી, ટ્રાન્સફોર્મર ચડાવી શકાય નહી તેમજ નવા ખેંચેલ વાયર નો ઉપયોગ વાદીએ તેની ફેન્સીગમાં કરેલ. આથી, પ્રતિવાદી એ ચુડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ.

૩.૩ હાલ, વાદીના વિજ સ્થાપન ને નજીકના ટ્રાન્સફોર્મર સેન્ટરમાંથી વિજ પુરવઠો મળે છે અને વાદી નું વિજજોડાણ વાદીએ પોતે ત્યાંથી જોડી ચાલુ કરેલ છે. આમ, વાદી નું વિજ જોડાણ ચાલુ છે.

૩.૪ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદી ના HVDS સ્કીમમાં જોડાણ આપવા માટે તાંત્રિક શકયતાઓ તપાસી, તેમજ યોગ્ય જગ્યાએ ટ્રાન્સ્ફોર્મર ઉભું કરી, અથવા તો નજીક ના ટ્રાન્સફોર્મર સેન્ટરમાંથી વિજ જોડાણ આપવું, જે માટે વાદી એ પૂરો સહકાર આપવો.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી.એન.અજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૪/૧૧/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar